# માન.ધારાસભ્યશ્રી અભેસિંહ તડવી, સંખેડા

માંગણી ક્રમાંક - ૮૬ માર્ગો અને પુલો માટે રજુ થયેલ પુરક માંગણીને હું સમર્થન આપુ છું.

માર્ગ અને મકાન વિભાગ ધ્વારા રાજયનાં ધોરી માર્ગોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. આ વિભાગ ધ્વારા વિભાગના અને અન્ય વિભાગોનાં મકાનોની બાંધકામની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. વિભાગ ધ્વારા વિભાગની લાંબા કોરીડોરની પ્રગતિપથ યોજના, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જીલ્લા મથકને બાજુના જીલ્લા મથક સાથે ૧૦ મી. પહોળા રસ્તાનું જોડાણ, અત્યંત પ્રચલીત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખુ ઉભુ કરવા, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વિગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઈ રહેલ છે. જે દેશમાં ગણનાપાત્ર છે.

તત્તકાલિન માન.મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજયમાં માર્ગોનો યોજનાકીય રીતે વિકાસ હાથ ધરવાની દુરંદેશિતાને અનુસંધાને ઉત્તર-દક્ષિણ, પુર્વ-પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને

અન્ય રાજયને જોડતા ૯ (નવ) લાંબા અંતરના કુલ ૩૭૧૦ કિ.મી. લંબાઈના પ્રગતિપથ કોરીડોરની કામગીરી પુર્ણ થયેલ છે. વધતા જતા ટ્રાફિકને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રગતિપથના આ કોરીડોરને ચાર માર્ગીયકરણ કરવાનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ હતો. જે અંતર્ગત સ્ટ્રકચરને ચારમાર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવા માટે રૂા.૨૦૮.૭૫ કરોડની મંજુરી મળેલ છે. કુલ ૨૬૭.૧૯ કિ.મી. લંબાઈના રૂા.૮૧૧.૮૨ કરોડના ખર્ચે રસ્તાઓની કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે ૮.૬૦ કિ.મી. લંબાઈના રૂા.૩૪.૧૩ કરોડના ખર્ચે રસ્તાને **ચારમાર્ગીયકરણ** કરવાની કામગીરી પ્રગતિમાં તેમજ ૬૫.૭૪ કિ.મી. લંબાઈના રૂા.૫૬૮.૪૨ કરોડના ખર્ચે શરૂ થનાર છે.

વડોદરા તેમજ નેશનલ હાઈવે-૮ થી અંકલેશ્વર / ભરૂચ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા કોલોની) ને જોડતા રસ્તાઓને ચાર માર્ગીયકરણ કરવા આપેલ રૂા.૪૬૭.૫૫ કરોડની મંજુરી વાળી ૮૬.૪૦ કિ.મી. લંબાઇ પૈકી ૮૦ કિ.મી. જેટલી લંબાઈમાં કામગીરી પુર્ણ થયેલ છે.

અમદાવાદ-ડાકોર, હિંમતનગર-અંબાજી, હાલોલ-પાવાગઢ અને સોનગઢ-પાલીતાણા યાત્રાધામોને જોડતા ૩૭૦.૯૦ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ચાર માર્ગીયકરણ રૂ.૧૫૩૮.૦૦ કરોડની અંદાજીત રકમથી હાથ ધરેલ છે.

**મારા મતવિસ્તારની વાત કરું તો,**

સંખેડા મતવિસ્તારમાં વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન અન્ય કામોની સાથે સંખેડા -ભાટપુર- વાસણા રોડ પર પુલની કામગીરી રૂ.૧૪.૨૦ કરોડ અને ડભોઈ-બોડેલી રોડની ૨૪.૩૦ કિ.મી લંબાઇ માટે રૂ.૩૯.૦૭ કરોડના કામોને મંજુરી મળેલ છે.

આમ વિભાગ ધ્વારા ઉત્તરોત્તર પ્રશંષનીય કામગીરી કરવામાં આવી રહેલ છે. રાજયનાં માર્ગો ઉત્તરોત્તર વધુને વધુ અપગ્રેડ થઇ રહેલ છે અને તે પ્રમાણે રાજય સરકાર દ્વારા પુરતી નાણાંકીય ઉપલબ્ધી કરાવવામાં આવી રહેલ છે તે ધ્યાને લેતાં વર્ષ ૨૦૨૩-૨૪ ની વિભાગની નાણાકીય માંગણીને હું સમર્થન કરૂ છું.